## (1) સાંભર સરોવર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ભારતનું સૌથી મોટું આંતરિક ખારા પાણીનું સરોવર છે.

(2) તેની દક્ષિણે વિંધ્ય પર્વતમાળા આવેલી છે.

(3) તે એક 'રામસાર સ્થળ' પણ છે.

(4) આ સરોવરના પાણીનો સ્ત્રોત માત્ર વરસાદ છે.

(A) માત્ર (1) અને (3)

(B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ સાંભર સરોવર વિવિધ નદીઓમાંથી પાણી મેળવે છે. આ નદીઓમાં મેદથા, સમૌદ, મંથા, રૂપનગઢ, ખારી અને ખંડેલાનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ સાંભર સરોવરનો 1990માં રામસાર આદ્રભૂમિની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે ભારતનું સૌથી મોટું આંતરિક ખારાં પાણીનું સરોવર છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ સરોવર ચારે તરફથી અરવલ્લીની પર્વતમાળાથી ઘેરાયેલું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તાજેતરમાં સ્થાનાંતરિત પક્ષીઓ માટે સાંભર સરોવર પાસે અલ્પકાલીન આશ્રયસ્થાન બનાવવાનો નિર્ણય રાજસ્થાન સરકારે લીધો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'વિગ્રહ' જહાજ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ જહાજ તાજેતરમાં ભારતીય નૌસેના દ્વારા લોંચ કરવામાં આવ્યું છે.

(2) આ જહાજનું ડિઝાઈનીંગ લારસેન & ટુર્બો (L&T) કંપની દ્વારા કરવામાં આવ્યું છે.

(3) આ જહાજ ભારતના પૂર્વ કિનારે સેવા આપશે.

(4) જહાજનો કાર્યકાળ 25 વર્ષ નિર્ધારીત કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3)
(D) માત્ર (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારતીય તટરક્ષક (કોસ્ટ ગાર્ડ) દ્વારા પેટ્રોલીંગ જહાજ 'વિગ્રહ' લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ જહાજનું નિર્માણ તથા ડિઝાઈનીંગ લારસેન & ટુર્બો નામની કંપની દ્વારા કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ જહાજને યાર્ડ-45007 પણ કહે છે.

⇛ જહાજનો નિધીરત કાર્યકાળ 25 વર્ષનો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ જહાજ ભારતના પૂર્વ કિનારે વિશાખાપટ્ટનમ વિસ્તારમાં સેવા આપશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કાર્યક્રમ ગુજરાત સરકાર દ્વારા લોંચ કરવામાં આવ્યો છે.

(2) આ કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તારો માટેનો છે.

(3) કેન્દ્ર સરકારના ભારતનેટ પ્રોજેકટ હેઠળ આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

(4) કાર્યક્રમનો ઉદ્દેશ દરેક ગ્રામને મિનિ–સચિવાલય બનાવવાનો છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 6 ઓકટોબરના રોજ ગુજરાત સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારો માટે 'ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ' લોંચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ આ કાર્યક્રમ કેન્દ્ર સરકારના ભારતનેટ પ્રોજેકટ હેઠળ શરૂ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ અંતર્ગત ગ્રામ વિસ્તારોને 100 MBpsની ઝડપ ધરાવતાં ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક સાથે જોડવામાં આવશે. જેથી, દરેક ગ્રામ મિનિ–સચિવાલય બની શકશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ દ્વારા લોકો જાહેર લાભની સેવાઓ પંચાયત સ્તરે મેળવી શકશે.

⇛ કાર્યક્રમ દ્વારા ગુજરાતના 18,000 ગામડાઓ 'મોડર્ન અને ગ્લોબલ વિલેજ'માં રૂપાંતરીત થઈ શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) 'માય ગંગા માય ડોલ્ફીન' અભિયાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ અભિયાન ગંગા નદી ડોલ્ફીન દિવસ નિમિત્તે શરૂ કરવામાં આવ્યું છે.
(2) આ અભિયાન વન વિભાગ દ્વારા લોંચ કરવામાં આવ્યું છે.
(3) અભિયાનનો ઉદ્દેશ ટકાઉ પ્રવાસન છે.
(4) આ અભિયાન ગંગા નદી તથા તેની ઉપનદીઓમાં લોંચ કરવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 5 ઓક્ટોબરના રોજ ગંગા નદી ડોલ્ફીન દિવસ ઉજવવામાં આવે છે. આ માટેનું કારણ છે કે, 5 ઓક્ટોબરે આ ડોલ્ફીનને રાષ્ટ્રીય જળચળ પ્રાણી ઘોષીત કરવામાં આવ્યું હતું.

⇛ આ દિવસ દરમિયાન નેશનલ મિશન ફોર કલીન ગંગા, વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા અને વન વિભાગે 'માય ગંગા માય ડોલ્ફીન' અભિયાન શરૂ કર્યું છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ આ અભિયાનનો ઉદ્દેશ ટકાઉ પ્રવાસન છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ અભિયાન ગંગા નદીના 250 kmના લાંબા પટ્ટ પર શરૂ કરવામાં આવ્યું છે. આ પટ્ટ પર ડોલ્ફીનની વસતી ગણતરી પણ કરવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(5) PMI (Purchasing Manager's Index) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે માત્ર ઉત્પાદન ક્ષેત્રની વેપાર પ્રવૃત્તિઓનું માપદંડ છે.

(2) તે સર્વે આધારીત માપદંડ છે.

(3) તેનું મૂલ્ય 0 થી 1 હોય છે.

(4) '0'નું મૂલ્ય કોઈ ફેરફાર થયો નથી, તેમ દર્શાવે છે.

(A) માત્ર (1) અને (3) (B) માત્ર (2)

(C) માત્ર (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ PMI સેવા ક્ષેત્ર અને ઉત્પાદન ક્ષેત્રની વેપાર પ્રવૃત્તિનો માપદંડ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ એક સર્વે આધારીત માપદંડ છે. સર્વેમાં લોકોને વેપાર વિશેના કેટલાંક ચાલકો (Variables) સંદર્ભે તેમના મંતવ્યો પૂછવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ PMIનું મૂલ્ય 0 થી 100 હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

- 50થી ઉપરનું મૂલ્ય ગત મહિના કરતાં વેપાર પ્રવૃત્તિઓમાં થયેલા વધારો સૂચવે છે.
- 50થી ઓછું મૂલ્ય ઘટાડો સૂચવે છે.
- 50નું મૂલ્ય કોઈ ફેરફાર થયો નથી, તેમ સૂચવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
## તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
## નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT